ક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૪/૦૦૨-૦૩૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૦૬/૦૩/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ).
ગુજરાત રાજ્ય.

વિષય:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચુંટણી-૨૦૨૪ માટે નવી મતદારયાદી તૈયાર કરવા બાબત

શ્રીમાન,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં વિનિયમ ક્રમાંક ૫ (૨) ની જોગવાઇ અનુસાર માન. અધ્યક્ષશ્રીએ તા.૨૯/૦૨/૨૦૨૪ના કાર્યાલય આદેશથી બોર્ડના ચુંટણી અધિકારી તરીકે અમારી નિમણૂંક કરેલ છે. (રાજપત્રની નકલ સામેલ છે) અમારો કચેરીનો ફોન નંબર ૦૭૯-૨૩૨૫૩૮૨૯ છે. જે આપની જાણ સારૂ.

નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જે તે સંવર્ગોના મતદારોની અદ્યતન યાદી બનાવવા નીચેની વિગતો ધ્યાનમાં રાખીને નવી મતદાર યાદી કરવાની રહેશે.

(૧) તા.૦૧/૦૬/૨૦૨૪ ની સ્થિતિએ ફરજ બજાવતા કર્મચારીઓની યાદી બનાવવાની રહેશે. પરંતુ જે કર્મચારી ખરેખર ફરજ બજાવતા હોય તેઓનો જ મતદાર યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

(૨) તા.૩૧/૦૫/૨૦૨૪ના રોજ જે કર્મચારી નિવૃત થતા હોય તેઓનો સમાવેશ સદર મતદાર યાદીમાં કરવાનો રહેશે નહી.

(૩) નવા નિમણૂંક પામેલ તમામ સંવર્ગના કર્મચારીઓનો મતદાર યાદીમાં સમાવેશ કરવા સામેલ પરિશિષ્ટ-અ ને ધ્યાને રાખી નિયત કરેલ ફોર્મમાં વિગતો ભરવાની રહેશે.

(૪) બદલી થયેલ કે ફાજલ થયેલ કર્મચારીનો અન્ય શાળામાં સમાવેશ કરેલ હોય તેવા કિસ્સામાં કર્મચારી જે સંવર્ગમા ફરજ બજાવતો હોય તે સંવર્ગની મતદારયાદીમાં મુકવાનો રહેશે.

(૫) તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી રાજીનામું કે સ્વૈ.નિવૃતિના કિસ્સામાં તેવા નામ મતદાર યાદીમાં કમી કરીને મતદાર યાદી અપડેટ કરવાની રહેશે.

(૬) માધ્યમિક વિભાગમાંથી ફાજલ પાડેલ કર્મચારીને ઉ.મા વિભાગમાં સમાવેશ કરેલ હોય તો તેવા કિસ્સામાં તે કર્મચારીનું માધ્યમિક વિભાગમાંથી નામ રદ કરી ઉ.મા વિભાગમાં તેનો સમાવેશ કરવાનો રહેશે.

(૭) જો કોઈ શૈક્ષણિક કર્મચારીને ફાજલ પાડયા બાદ કારકુન કે ગ્રંથપાલ જેવી બિનશૈક્ષણિક જગ્યા પર સમાવવમાં આવ્યા હોય તો તેવા કર્મચારીઓને જે જગ્યા પર સમાવવામાં આવ્યા હોય તે સંવર્ગમાં તેઓનું નામ દાખલ કરવાનું રહેશે અને જુના સંવર્ગ માંથી નામ રદ કરવાનું રહેશે. ટુંકમાં હાલ જે સવર્ગમાં કામ કરે છે તે સંવર્ગમાં તેનું નામ મતદાર યાદીમાં નામ રાખવું.

(૮) અનુદાનિત શાળાઓમાં જે ફાજલ કર્મચારીઓનો કામચલાઉ રીતે સરકારી શાળામાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા કર્મચારીઓના નામ તેઓ જ્યાંથી ફાજલ પડયા હોય તે મૂળ સંસ્થાના લાગુ પડતા સવર્ગમાં રાખવાનું રહેશે.

(૯) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સિવાયના સરકારી કચેરી/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોનો સમાવેશ આવી યાદીઓમાં થઇ શકશે નહી.

(૧૦) વ્યવસાયલક્ષી પ્રવાહના શિક્ષકો હાલ જે સંવર્ગમાં ફરજ બજાવતા હોય તે જ સંવર્ગમાં તેમના નામોનો સમાવેશ કરવાનો રહેશે. તેજ રીતે ગ્રંથપાલ, બિન શૈક્ષણિક કર્મચારી હોઈ તેઓનાં સમાવેશ બિન શૈક્ષણિક કર્મચારીઓની લાગુ પડતી મતદાર યાદી એટલે કે ખંડ - ૬ (અ) માં સમાવેશ કરવાનો રહેશે.

(૧૧) કરાર આધારીત ફરજ બજાવતા કોઈ પણ કર્મચારીનો કોઈ પણ સંવર્ગમાં સમાવેશ થઈ શકશે નહી.

(૧૨) સ્વનિર્ભર શાળાઓના આચાર્ય, શિક્ષક, ક્લાર્ક, સેવક કે જેઓ તે શાળામાં ઓછામાં ઓછા બે વર્ષ કે તેથી વધુ વર્ષથી ફરજ બજાવતા હોવા જોઈએ. શાળાએ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ રજૂ કરેલ સ્ટાફ લિસ્ટમાં કર્મચારીનો સમાવેશ હોવો જોઈએ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને આપવામાં આવતી ઓનલાઈન માહિતી અને UDISE ના ડેટામાં તેનો સમાવેશ થતો હોવો જોઈએ.

તેઓને બેંક મારફતે પગાર ચુકવવામાં આવ્યા હોય તેવા તમામ આધારોની ચકાસણી કરી તેમનો જે તે સંવર્ગની મતદાર યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

(૧૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ - ૩ (૨). વર્ગ – ખ ના પેટા ક્રમાંક. ૭ ની જોગવાઈ મુજબ મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલ તેમજ રજીસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યામિક શાળાના સંચાલકના પ્રતિનિધિ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા અને મત આપવા હકદાર રહેશે. સંચાલક મંડળની મતદાર યાદીમાં એક ટ્રસ્ટ નીચે એક કરતા વધારે શાળાઓ ચાલતી હોય તો કોઇ પણ એક જ શાળા માટે પોતાનું નામ સંબધિત સંવર્ગ ની મતદાર યાદીમાં સંચાલક મંડળ નોંધાવી શકશે એટલે કે એક મંડળ એક થી વધુ શાળાઓ ધરાવતું હોય તો પણ એક જ વોટ આપી શકશે. આ માટે સંચાલક મંડળે નીચે મુજબનો ઠરાવ રજૂ કરવાનો રહેશે.

ઠરાવ:

તા....................ના રોજ ..............................................................................

....................! મંડળની કારોબારી / સામાન્ય સભા......... .........કલાકે.......................................... સ્થળે મળી જેમાં સદર મંડળના PTR પર નોંધાયેલા / પ્રતિનિધિશ્રી........................................................................ ને વર્ષ :૨૦૨૪ માં યોજાનાર ગુ.માં અને ઉ.મા શિ. બોર્ડની સામાન્ય ચુંટણી માટે પ્રતિનિધિ તરીકે મતદાન કરવાનો અધિકાર આપવાનું તથા મતદાર યાદીમાં તેઓનું નામ દાખલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

પ્રમુખ/મેને.ટ્રસ્ટીની સહીસિક્કો

"મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલી, રજીસ્ટર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિ" ની મતદાર તરીકે નોંધણીની અરજીની સાથે નીચે મુજબના આધારો મેળવવાના રહેશે.

(૧) પરિશિષ્ટ – ૧ મુજબનો સંચાલક મંડળના ઠરાવની નકલ.

(૨) સંચાલક મંડળ મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ / મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ –૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયાના રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ.

(૧૪) સદર મતદાર યાદી તૈયાર કરતી વખતે મતદારનું પુરું નામ લખવું (અટક/નામ/પિતા/પતિનું નામ) મતદારનો રંગીન ફોટોગ્રાફ મેળવી મતદાર યાદીમાં નિયત જગ્યાએ ચોટાડવો.

(૧૫) વાલીમંડળ ની મતદાર યાદી નવુ શૈક્ષણિક વર્ષ શરુ થયા બાદ તા.૦૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ તૈયાર કરવાની રહેશે વાલી મંડળની મતદાર યાદી તૈયાર કરતી વખતે જે તે શાળાના વાલી એસોસીએશને કરેલા ઠરાવની નીચે સંબંધિત આચાર્યશ્રીએ નીચે મુજબ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

:: પ્રમાણપત્ર :-

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી.............................................................. ના પુત્ર / પુત્રી / પાલ્ય નામ.............................................................. છે. જે અમારી શાળાના ધો...... માં વર્ષ ૨૦૨૪-૨૫માં અભ્યાસ કરે છે અને જેનો GR નં ..................છે.

નોંધ :- જ્યારે આચાર્યશ્રી પાલ્યના વાલી તરીકે કોઈ વ્યક્તિને પ્રમાણિત કરે ત્યારે તે બાબતના પુરાવા મેળવી લેવા કે જે તે વાલી જે તે વિદ્યાર્થીના કાયદેસર રીતે પાલનપોષણ કરવા માટે અધિકૃત છે કે કેમ? કોઈ વિદ્યાર્થીના માતા-પિતા અકાળે અવસાન પામ્યા હોય તો વિદ્યાર્થી સાથે સૌથી નજીકનો લોહીનો સંબંધ ધરાવતી વ્યક્તિને સામાન્ય રીતે વાલી ગણી શકાય. તલાટી પાસેથી પેઢીનામું મેળવવાનું રહેશે.

(૧૬) વાલી મંડળ / સંચાલક મંડળના પ્રતિનિધિની નિયુક્તિ કરવા માટેની બેઠક તા.૩૦/૦૬/૨૦૨૪ કે તે પહેલા મળેલી હોવી જોઈએ. તે તારીખ પછીનો ઠરાવ રજુ થાય તે ગ્રાહ્ય રાખી શકાશે નહી.

(૧૭) આચાર્ય સંવર્ગ, પત્રક-૧ અને મા.શિ. તાલીમી કોલેજોના પ્રિન્સીપાલના સંવર્ગ પત્રક-૫ માં જો કોઈ ઈન્ચાર્જ આચાર્ય હોય તો તેઓનો તે મતદાર યાદીમાં સમાવેશ કરી શકાશે નહી.

(૧૮) આપના જિલ્લાની પત્રક-૧ થી ૯ મુજબની યાદીની સોફ્ટ કોપી તથા હાર્ડ કોપીમાં તૈયારી કરી. (જિલ્લા ચૂંટણી અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સદર યાદીના પ્રત્યેક પાન ઉપર સહી કરી સદર યાંદી પ્રમાણિત કરવાની રહેશે). આ રીતે પ્રમાણિત કરેલી યાદી મોડામાં મોડુ તા.૨૦/૦૪/૨૦૨૪

સુધી મદદનીશ ચૂંટણી અધિકારીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી ખાતે રૂબરૂમાં જમા કરવાની રહેશે. જ્યારે વાલીમંડળની પ્રમાણિત કરેલ યાદી તા.૧૦/૦૭/૨૦૨૪ સુધી રૂબરૂમાં રજૂ કરવાની રહેશે.

(એન.જી. વ્યાસ)
મુખ્ય ચૂંટણી અધિકારી અને સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

E:\D.K\Types Of Letters\election 2024.docx